## ચૂંટણી ચોતરેથી

● પ્રધાનમંત્રી મોદી અને રાહુલ ગાંધીએ જંગી જાહેરસભાઓ યોજી હતી.

● ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કેન્દ્રિય મંત્રીઓ રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની, ઉમા ભારતી, અરૂણ જેટલી, અર્જુન મેઘવાલ, રાજેન્દ્રસિંહ રાઠોર અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પ્રચંડ જાહેરસભાઓ સંબોધી રહ્યા છે.

● અમિત શાહ અને પ્રધાનમંત્રી મોદીએ પુનઃ અહેમદ પટેલના મામલે વિવાદાસ્પદ પ્રહાર કરતા અહેમદ પટેલે ટ્વીટ કરતા કહ્યુ ‘બહુ શરમજનક વાત છે, હુ ક્યાંય મુખ્યમંત્રી પદની રેસમાં નથી.’

● રાધનપુરના ભાજપના ઉમેદવાર લવીંગજી ઠાકોર પોતાની જાહેરસભામાં બીજીવાર બોલી ગયા ગુજરાતમાં કોંગ્રેસ આવે છે.

● પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા હાર્દિક પટેલના નેતૃત્વમાં આજે ઘુમાથી નિકોલ સુધી ક્રાંતિરેલી યોજવામાં આવી છે. સાંજે ૫ વાગે પ્રેસ કોન્ફરન્સ યોજાશે.

● જીગ્નેશ મેવાણીનુ આઈએસઆઈ સાથે જોડાણ હોવાનુ જણાવી અમિત શાહે આકરા પ્રહાર કર્યા હતા.

● કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ નોટબંધીમાં થયેલ ભ્રષ્ટાચારની વિગતો પત્રકારોને આપી હતી.

● થરાદ ખાતે મુખ્યમંત્રી રૂપાણી અને રાહુલ ગાંધીની સભાનો સમય એક જ હોવાથી ભારે ઉત્તેજના સર્જાઈ હતી.

● આજથી બે દિવસ ભાજપના દિગ્ગજ સંજય જોશી મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોની મુલાકાત લેશે.

● પ્રધાનમંત્રીએ વધુ પડતી જાહેરસભાઓ સંબોધતા અવાજ બેસી ગયો હતો.





**રાહુલ ગાંધીએ શામળાજી મંદિરમાં શામળિયા ભગવાનના દર્શન કર્યા**

ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી એક અલગ જ અંદાજમાં જોવા મળ્યા. રાહુલ આ વખતે ગુજરાતમાં ચૂંટણી દરમિયાન અનેક મંદિરોમાં દર્શન કરતા જોવા મળ્યા. જો કે આ બાબતને કોંગ્રેસના સોફ્ટ હિંદૂત્વ તરીકે મૂલવવામાં આવે છે. જ્યારે ભાજપ તેને હિંદૂકાર્ડ તરીકે જોઈ રહી છે. દરમિયાન રવિવારે સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં રાહુલ ગાંધીએ કાળીયા ઠાકોરના દર્શન કરી આરતી ઉતારી હતી. પુજારીએ રાહુલ ગાંધી સહીત ભરતસિંહ સોલંકી અને અશોક ગેહલોતને સુરક્ષા કવચ બાંધ્યું હતું. મંદિરથી પરત ફરતા સમયે લોકોના ટોળેટોળા તેમને જોવા ઉમટતા ટોળામાં રહેલ વૃદ્ધ મહિલાને આત્મીયતાથી ભેટી વળતા અને બાળકો સાથે સેલ્ફી પણ પડાવતા તેમના અનોખા અંદાજને લોકોએ વધાવી લીધો હતો.

# ડાકોરની રેલીમાં PM પર ટીકા કરનાર સમર્થક પર રાહુલ ગાંધી ગુસ્સે થયા

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે પ્રચાર માટે આવેલા રાહુલ ગાંધીએ આજે ડાકોર રેલીમાં એક સમર્થકે પીએમ મોદી ઉપર કોમેન્ટ કરી હતી. આથી રાહુલ ગાંધી ગુસ્સે થયા હતા અને આ સમર્થકને આવું ન કરવા માટે જણાવ્યું હતું. ગુજરાતમાં વિધાનસભાની પહેલા તબક્કા ચૂંટણી માટેનું શનિવારે મતદાન પૂર્ણ થઈ ગયું છે. હવે આગામી તા. ૧૪ ડિસેમ્બરના રોજ બીજા અને અંતિમ તબકકાની ૯૩ બેઠકો માટે મતદાન થશે.

આ સંજોગોમાં બીજા તબક્કાની બેઠકો માટે કોંગ્રેસ અને ભાજપ બંને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં ભાજપ માટે પીએમ નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ માટે રાહુલ ગાંધી બન્ને આજે ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં એક પછી એક ચાર-ચાર સભાને સંબોધન કરી રહ્યા છે.

આ દરમિયાન આજે ડાકોર ખાતે રાહુલ ગાંધીની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં પીએમ નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ એક સમર્થક દ્વારા કરવામાં આવેલી એક વિવાદાસ્પદ ટિપ્પણીનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

બન્યું એવું હતું કે, જ્યારે રાહુલ ગાંધી સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની ટીકા કરી રહ્યા હતા ત્યારે રેલીમાં હાજર રહેલા એક સમર્થકે પીએમ મોદી ઉપર અભદ્ર ટિપ્પણી કરી હતી.

જેના કારણે મંચ ઉપરથી રાહુલ ગાંધી આ સમર્થક ઉપર ગુસ્સે થયા હતા. રાહુલ ગાંધીએ આ વ્યક્તિને સભામંચ ઉપરથી કહ્યું હતું કે, જુઓ, તમે ખોટા શબ્દોનો પ્રયોગ ન કરો. તે વડાપ્રધાન છે, તે એક પદ પર બિરાજમાન છે. તમે કોંગ્રેસ પાર્ટીના છો, તમે પ્રેમથી વાત કરો, મીઠા શબ્દનો ઉપયોગ કરો અને તેમને હરાવો.

# મતદાનને લઈને થયેલી શંકાના નિવારણની જવાબદારી પંચની

મતદાન દરમ્યાન જો વોટીંગને લઈને લોકોના મનમાં આશકાં જન્મે તો તેના નિવારણની સંપૂર્ણ જવાબદારી ચૂંટણી પંચની રહે છે. ચૂંટણી પંચે લોકોને વિશ્વસનીય અને ન્યાયી ચૂંટણીની ખાતરી આપવાની જવાબદારી નિભાવવી જ પડે એમ અત્રે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાજીવ શુકલાએ આજે અમદાવાદની મુલાકાત દરમ્યાન ઈવીએમ મુદ્દે સાફ વાત કરતાં જણાવ્યું હતું. ઈવીએમની ગડબડીની દહેશત અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં શુકલાએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસ સિવાય સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી સહિતના અન્ય રાજકીય પક્ષોએ અગાઉ પણ આ દહેશત વ્યકત કરી હતી. તેથી મતદાન સમયે મતદારના મનમાં કોઈપણ શંકા રહેવી ના જોઈએ અને જો તે ઉદ્ભવે તો, તેના નિવારણની



સંપૂર્ણ જવાબદારી ચૂંટણી પંચની રહે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાજીવ શુકલાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજે પ્રથમ તબક્કાના મતદાનનો દિવસ છે અને જે પ્રકારે લોકોએ ઉત્સાહપૂર્વક મતદાનની શરૂઆત કરી છે, તે જોતાં લોકો ગુજરાતમાં આ વખતે પરિવર્તન ઈચ્છી રહ્યા છે. ગુજરાતના સાયલન્ટ વોટરોએ તેમની ભાવના આ વખતના મતદાનમાં પ્રગટ કરી છે. ભાજપના છેલ્લા ૨૨ વર્ષના કુશાસનથી ગુજરાતના લોકો મુકિત મેળવશે અને આ વખતે કોંગ્રેસની સરકાર બનશે. તેમણે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી આ વખતે પહેલીવાર એવું બન્યું છે કે જયારે વડાપ્રધાન પદ પર રહેલ વ્યકિત ગુજરાતના લોકોની કે વિકાસની વાત કર્યા સિવાય બીજી બધી અને મુદ્દાઓથી ભટકીને વાત કરી રહી છે.

## ભાજપના સાંસદ નાના પટોલના મોદી પર ગંભીર આરોપ

ગુજરાત ચૂંટણીમાં જ્યાં બન્ને પાર્ટીઓ પ્રચાર કરી રહ્યા છે, ત્યારે બીજેપીના સાંસદના ગંભીર આરોપે ભાજપ પર જ મોટા સવાલ ઉભા કર્યા છે. બીજેપી અને લોકસભાથી રાજીનામુ આપ્યા બાદ નાના પટોલે વડાપ્રધાન મોદી પર ઓબીસી કાર્ડ રમવાનો આરોપ લગાવ્યો છે. પટોલે કહ્યું કે વડાપ્રધાન મોજી પોતાના રાજનીતિક ફાયદા માટે ઓબીસી કાર્ડ રમી રહ્યા છે.

મહારાષ્ટ્રના ભંડારા-ગોંદિયાના સંસદિય ક્ષેત્રથી નાના પટોલે ભાજપ પર ખેડૂતોના મુદ્દે પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધું. નાગપુરમાં મીડિયા સામે નાના પટોલે શુક્રવારે ભાજપ અને મોદી પર આરોપ લગાવ્યા. પટોલે કહ્યું કે પીએમ મોદી માત્ર પોતાના રાજનીતિક ફાયદો માટે ઓબીસી કાર્ડ રમે છે.

# જીજ્ઞેશ મેવાણીને ફંડ આપનાર સંસ્થા ISIS માટે કામ કરે છે : અમિત શાહ

રવિવારે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એક પ્રેસવાર્તા કરીને જીજ્ઞેશ મેવાણી સમેત કોંગ્રેસ સરકાર પર અનેક ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે ગુજરાત વિધાનસભા ચૂંટણી મામલે મોલતા કહ્યું કે કોંગ્રેસ તૃષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે. તેમણે કહ્યું કે, ભાજપ ફક્ત વિકાસના મુદ્દે લડી રહી છે, અમે અમારો વિકાસનો એજન્ડા ગુજરાતની જનતા સમક્ષ મૂક્યો છે. મારી વિનંતી છે કે, કોંગ્રેસ જે ચૂંટણીના છેલ્લા સમયમાં વોટબેન્ક અને તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે તેને ગુજરાતની જનતા જવાબ આપશે.

વધુમાં અમિત શાહે દલિત નેતા અને વડગામથી અપક્ષ ઉમેદવાર તરીકે લડી રહેલા જીજ્ઞેશ મેવાણી પર પણ ગંભીર આક્ષેપ કર્યો. તેમણે કહ્યું કે, કોંગ્રેસે વડગામ સીટ પર પોતાનો ઉમેદવાર ના ઉતાર્યો અને અપક્ષ ઉમેદવાર જીજ્ઞેશ મેવાણીને સમર્થન કરવાની જાહેરાત કરી. પરંતુ કોંગ્રેસ પ્રેરિત જીજ્ઞેશ મેવાણીને ફંડ આપનાર સંસ્થા આઈએસઆઈએસ માટે કામ કરે છે. કાશ્મીરની આઝાદીની માંગણી કરનાર કોંગ્રેસ નેતા સલમાન નિઝામી કહે છે કે ‘દરેક ઘરમાં અફઝલ જન્મશે’, એવી વ્યક્તિને ગુજરાતની ચૂંટણીઓમાં પ્રચાર કરવા માટે લગાડીને કોંગ્રેસે તુષ્ટિકરણની રાજનીતિનું ઉદાહરણ આપ્યું છે. પણ તેમની આ નિમ્ન કક્ષાની રાજનીતિને જનતા સારી રીતે સમજે છે.

સાથે જ મણિશંકર અને અહેમદ પટેલને પાકિસ્તાન ગુજરાતના મુખ્યમંત્રી બનાવવા માંગે છે તે મામલે બોલતા અમિત શાહે કહ્યું કે પાકિસ્તાનના હાઈ કમિશનર સાથે શ્રી મનમોહન સિંઘ, હમીદ અન્સારી અને મણિશંકર ઐયરની બેઠક મળી હતી.



વિદેશ મંત્રાલયની જાણકારી વિના પાકિસ્તાનના હાઈ કમિશનર સાથે મીટિંગ દ્વારા તમે શું સંદેશ આપવા માંગો છો? સાથે જ તેમણે કહ્યું કે કોંગ્રેસના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ ૨૦૦૨ના રમખાણો માટે જામા મસ્જિદમાં જઈને માફી માંગવી જોઈએ. આખો દેશ જાણે છે કે ૨૦૦૨ના રમખાણોમાં કોંગ્રેસ પ્રેરિત NGO દ્વારા જે આક્ષેપો કરવામાં આવ્યા હતા, તે કોઈ પણ કેસમાં મોદીજી પર કોઈ આરોપ સાબિત થયો નથી.

# ભાજપના જ ઉમેદવાર બીજીવાર બોલી ગયા - ‘કોંગ્રેસ આવે છે’

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાની ૧૯ જિલ્લાની ૮૯ બેઠકોનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. તો હવે ૧૪મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મધ્ય ગુજરાત અને ઉ.ગુજરાતની બેઠકો પર મતદાન યોજાવવાનું છે. આ માટે રાજકીય પ્રચાર પણ પૂરજોશમાં છે. ભાજપ વતી સ્ટાર પ્રચારક વડાપ્રધાન મોદી અને અમિત શાહ પ્રચાર કરી રહ્યા છે, તો કોંગ્રેસ તરફથી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ચૂંટણીસભા યોજી પ્રચાર કરી રહ્યા છે. તાજેતરમાં પાટણના રાધનપુરમાં ભાજપના ઉમેદવાર લવિંગજી ઠાકોર ખૂબ જ ચર્ચામાં છે. રાધનપુરમાં ભાજપના ઉમેદવાર લવિંગજી ઠાકોર આજકાલ ખૂબજ ચર્ચામાં છે. લવિંગજી ઠાકોર પોતાની મોંઢા પર કાબુ રાખી શક્યા ન હતા. પ્રચાર દરમ્યાન લવિંગજી ઠાકોરની ફરી એક વખત જીભ લપસી હતી. સભાના સંબોધન દરમ્યાન તેમણે ઉત્સાહમાં કહી નાખ્યુ કે, આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે.

# મોદીની શાન અને રાહુલના અસ્તિત્વની અગ્નિપરીક્ષાની ઘડી

ગુજરાતની વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીના પરિણામ આડે માંડ દસ દિવસ પણ રહ્યા ન હોય ત્યારે પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે આ વેળાની ચૂંટણી કયા મુદ્દાઓ પર લડાઈ રહી છે? હકીકતમાં આપણે એક ઉક્તિથી પરિચિત છીએઃ ‘જો જીતા વો હી સિંકદર.’ અમેરિકી રાષ્ટ્રપતિપદના ઉમેદવારો ચૂંટણીમાં એકમંચ પરથી જે રીતે મુદ્દાઓની ચર્ચા અને વિષયની માંડણી કરે એવું કંઈ ભારતીય ચૂંટણીઓમાં જોવા મળતું નથી. આદર્શ પરિસ્થિતિ તો એ છે કે સત્તામાં હોય એ પક્ષ પોતાના પાંચ વર્ષના શાસનનો હિસાબ પ્રજા સમક્ષ રજૂ કરે અને આવતાં પાંચ વર્ષમાં પોતે શું કાર્યક્રમ લઈને આગળ વધવા ઈચ્છે છે એની વિગતવાર માંડણી કરે. સામે પક્ષે જે મુખ્ય વિપક્ષ હોય એ છેલ્લાં પાંચ વર્ષના શાસનનાં નીરક્ષીર કરીને પોતાનો પક્ષ આગામી પાંચ વર્ષમાં કેવું શાસન આપવા માગે છે એની બ્લ્યુપ્રિન્ટ રજૂ કરે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આવું ભાગ્યે જ જોવા મળ્યું. છેલ્લી ઘડીએ જાહેર કરાયેલા ચૂંટણીઢંઢેરામાં લોકલુભાવન વચનોની લહાણી તો કરાઈ, પણ એ પાળવાં જ એવું તો છે જ નહિ. કેટલાંક વચનો તો છેક દાયકાઓથી અપાતાં રહે છે અને જે તે પક્ષ સત્તામાં આવે અને જાય ત્યાં લગી એનો અમલ કરવાની કોશિશ પણ કરાતી નથી. આમ છતાં ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણી સમગ્ર ભારત માટે નિર્ણાયક બની રહેવાની હોવાથી એમાં જીતવાના સંકલ્પ સાથે બન્ને મુખ્ય પક્ષો એટલે કે ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસ આગળ વધી રહ્યા છે. ભાજપ છેલ્લાં વીસ વર્ષથી ગુજરાતમાં સત્તામાં છે. કોંગ્રેસ સત્તાવિમુખ છે.

**દેશ પર શાસન ટકાવવા ગુજરાત અનિવાર્ય**

ભાજપ મે, ૨૦૧૪થી કેન્દ્રમાં ભવ્ય બહુમતી સાથે સત્તારૂઢ થતાં ગુજરાતના સપૂત નરેન્દ્ર દામોદરદાસ મોદી વડા પ્રધાનપદે પહોંચ્યા છે. સાથે જ બહુમતી રાજ્યોમાં ભાજપની વિજયપતાકા લહેરાવવામાં મોદીયુગમાં સફળતા મળી છે. હવે લોકસભા ચૂંટણી ૨૦૧૯માં આવી રહી છે. એટલે ગૃહરાજ્ય ગુજરાત જીતવું મોદીની નેતાગીરી માટે અનિવાર્ય છે. આવા સંજાગોમાં વિકાસનો રોડમેપ કે બ્લ્યુપ્રિન્ટને બદલે ભાવનાત્મક મુદ્દાઓ ઉછાળવામાં આવી રહ્યાનું વધુ લાગે છે. અને એમ છતાં એ મુદ્દાઓ ‘ક્લિક’ થતા લાગતા નથી. સામે પક્ષે લગભગ મૃતપ્રાય બનેલી કોંગ્રેસને અંદર રહીને કોંગ્રેસના જ નેતા શંકરસિંહ વાઘેલા સહિતનાએ ‘સાબોટાઝ’ (રાજકીય ભાંગફોડ) કરવાની કોશિશ કરીને છેલ્લી ઘડીએ દગો દીધા છતાં આ વખતે પોતાના અસ્તિત્વ માટે લડી રહેલી કોંગ્રેસ ધીરગંભીર બનીને જંગમાં ઊતરી છે. ખાસ કરીને તો છેલ્લાં વીસ વર્ષના ભાજપના શાસનમાં શું કરવામાં આવ્યું; એનો હિસાબ આપવાને બદલે વડા પ્રધાન મોદીની જાહેર સભાઓથી લઈને અભિનેતા પરેશ રાવલની ચોકસભાઓ સુધી કોંગ્રેસનું સ્મરણ પ્રજાને કરાવાય છે. ભરૂચના પારસી પરિવારના ફરજંદ રાહુલ રાજીવ ફિરોઝ જહાંગીર ફરદૂન ગાંધીએ કોંગ્રેસના ઉપાધ્યક્ષમાંથી અધ્યક્ષપદ ભણીની ગતિ આદરી છે. એ ગજગામી રીતે ગુજરાતને જીતવા અથાક પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે હવે એમની ઈમેજ ‘પપ્પુ’ની રહી નથી. પ્રજા એમને ગંભીરતાથી લેવા માંડી છે. એ પ્રશ્નો કરે છે. મોદી શાસન અને ભાજપી શાસનની મુદ્દાસર વાત પ્રજા સમક્ષ મૂકે છે. ભાજપની નેતાગીરી એનો ઉત્તર વાળવાને બદલે કોંગ્રેસના ઈતિહાસ, નેહરુ અને સરદારની વાત, હિન્દુ-મુસ્લિમની વાત, સોમનાથ મંદિર કે અન્ય મંદિરોની વાત કે પછી રાહુલ ગાંધીના ધર્મની વાતને આગળ કરી રહી છે. અયોધ્યામાં રામમંદિર નિર્માણનો મુદ્દો ગુજરાતની ચૂંટણીમાં ઊછળે છે. ગુજરાતને લગતા મુદ્દાઓની ચર્ચાને બાજુએ સારી દેવામાં આવે છે.

**ભાજપની કેડર સામે કોંગ્રેસ નબળી**

એટલું નિ●શ્ચિત છે કે ભાજપની પાસે પક્ષનું તંત્ર મજબૂત છે. ભાજપની નેતાગીરીને




haridesai@gmail.com

સંઘપરિવારનું પીઠબળ છે. આ કેડર સાથે ભાજપનો જનસંપર્ક પ્રભાવી જરૂર છે, પરંતુ એમાં પણ અસંતોષ ઓછો નથી. કોંગ્રેસ છોડીને ભાજપી ખેસ પહેરી લેનાર ‘પવિત્ર’ નેતાઓથી ફાટફાટ થતી ભગવી પાર્ટી જૂના કાર્યકર્તાઓને મનાવવામાં પડી છે. કોંગ્રેસને પોતાનું તંત્ર નબળું હોવા છતાં આંદોલન ત્રિપુટીનો લાભ મળ્યો છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના યુવાનેતા ૨૪ વર્ષીય હાર્દિક પટેલને બદનામ કરવા, એમના સાથીઓથી વિખૂટા પાડવા અને એની સામે ફોજદારી ખટલાઓ દાખલ કરવાના પ્રયાસો સરકાર તરફથી ભરપટ્ટે થયા હોવા છતાં આજે હાર્દિકની સભાઓમાં વડા પ્રધાન કે ભાજપના કોઈપણ નેતા કરતાં વધુ જનમેદની ઉમટે છે; એ હકીકત છે. હાર્દિક આ જનમેદનીને કોઈ પણ પક્ષ માટે મતદાન કરવાને બદલે ‘ભાજપને પાડી દેવા’ની અપીલ કરે છે એ કોંગ્રેસને ફળે કે કેમ એ કહેવું હજી વહેલું ગણાય. કોંગ્રેસ તરફથી ચૂંટણી લડતા અલ્પેશ ઠાકોર ઓબીસી અને ઠાકોર આંદોલન ચલાવીને કોંગ્રેસમાં ભળ્યા. જિજ્ઞેશ મેવાણી દલિત આંદોલન ચલાવીને અપક્ષ તરીકે ચૂંટણી લડવા આગળ આવ્યા. એનો લાભ કોંગ્રેસને થશે કે ગેરલાભ એ પ્રજા નક્કી કરશે. જોકે આ ત્રિપુટીને કારણે ગુજરાતના રાજકારણની દશા અને દિશા બદલાઈ છે એ વાત કોઈ નકારી શકે નહિ.

**મુખ્યમંત્રી કોણઃ અમિત શાહ કે પરેશ ધાનાણી?**

ગુજરાતની આ વખતની ચૂંટણી, હવે રાજ્યસભાના સભ્ય અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના મુખ્યમંત્રી બનવાના સ્વપ્નને સાકાર કરનાર નીવડશે કે રૂસણે બેઠેલાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ એમના એ સ્વપ્નને ધૂળધાણી કરશે, એનો પણ નિર્ણય કરશે. શાહ ગુજરાતમાં ધામા નાખીને બહુમતી ઉમેદવાર પોતાના ‘ઓળ’ના નક્કી કરાવી શક્યા છે. આનંદીબહેન પ્રગટપણે ભલે રાજીપો દેખાડે પણ એમની નારાજગી સ્પષ્ટ છે. વડા પ્રધાન મોદી અગાઉના કોઈ પણ વડા પ્રધાનથી વિપરીત ગુજરાતના મુખ્યમંત્રી હોય એ રીતે જ સભાઓ સંબોધતા રહે છે અને એમની સભાઓમાં પાંખી હાજરી ચિંતા ઉપજાવે છે. વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણી તો અમિતભાઈના ‘રિમોટ’થી ચાલે છે. એમને મુખ્યમંત્રીપદ સોંપાય કે નહિ એ પ્રશ્ન છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મહેસાણા બેઠક પર સાંસદ રહેલા કોંગ્રેસના જીવાભાઈ પટેલ સામે હારી શકે. મહેસાણા પટેલ આંદોલનનું મૂળ ‘એપી સેન્ટર’ ગણાય અને હાર્દિક પટેલને હજી મહેસાણામાં પ્રવેશની બંધી હોવા છતાં એનો પ્રભાવ ઓછો નથી. કોંગ્રેસને સુરત, રાજકોટ સહિતનાં શહેરોમાં પ્રભાવ વધારવામાં ‘પાસ’ અને હાર્દિકનું ઘણું યોગદાન છે. સામે પક્ષે કોંગ્રેસના ગુજરાત પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત ધીરગંભીર વ્યક્તિત્વ છે. શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસને દગો આપ્યા પછી તેમણે આંદોલન ત્રિપુટીને પક્ષ સાથે સુપેરે જોડવાની કોશિશ કરી છે. ભાજપ ગુજરાતમાં પછાત પટેલો સહિતના ઉજળિયાતોને અનામતનો લાભ પચાસ ટકા મર્યાદાને આગળ કરીને નકારે છે, જ્યારે રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર જ નહિ, આંધ્ર પ્રદેશમાં એ પટેલ સમકક્ષને ૫૦ ટકાની ઉપરવટ જઈને અનામત આપવાનાં વિધેયક વિધાનસભાઓમાં મંજૂર કરાવે છે! પટેલ આંદોલનના પ્રતાપે ૨૦૧૫માં જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં કુલ ૩૩ જિલ્લા પંચાયતમાંથી ૨૪ જિલ્લા પંચાયતો કોંગ્રેસને મળી, એટલું જ નહિ, કોંગ્રેસના ૧૪ ધારાસભ્યોને ભાજપી ખેસ ધારણ કરાવીને કોંગ્રેસમુક્ત ભારતના અભિયાનમાં સામેલ કરાયા છતાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના અહેમદ પટેલને હરાવવામાં ભાજપની નેતાગીરી નિષ્ફળ રહી એ સૌથી મોટો આઘાત હતો.

**દિલ્હી તખ્ત માટે ગુજરાત નિર્ણાયક**

માધવસિંહ સોલંકીયુગમાં ‘ખામ’ (ક્ષત્રિય+ હરિજન+ આદિવાસી+ મુસ્લિમ) થિયરીને પ્રતાપે ૧૯૮૫માં ૧૮૨ બેઠકોમાંથી ૧૪૯ બેઠકોનો વિક્રમ સર્જવામાં આવ્યો હતો, પરંતુ પટેલો એ વેળા સોલંકી શાસનથી નારાજ હતા. પટેલો અને ભાજપ સહિતનાની સક્રિયતાવાળા અનામતવિરોધી આંદોલનને કોમી રમખાણોમાં પરિવર્તિત થતું જાઈને સોલંકીએ ચાર જ મહિનામાં સત્તા છોડવી પડી હતી. અમરસિંહ ચૌધરીને સુકાન સોંપાયા છતાં ૧૯૯૦ની ચૂંટણી પહેલાં માધવસિંહને મુખ્યમંત્રી બનાવાયા અને એમના નેતૃત્વમાં કોંગ્રેસની નૈયા સાવ ૩૩ બેઠકો સાથે ડૂબી હતી. આ વેળા ‘સોલંકી ગ્રહણ’ લાગે નહિ એટલા માટે માધવસિંહ પુત્ર ભરતસિંહ સોલંકી ભલે ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ હોય, પણ એમને ચૂંટણી નહિ લડાવીને પટેલોને સંકેત અપાઈ રહ્યા છે કે અમરેલીના પરેશ ધાનાણી જેવા યુવા પટેલને મુખ્યમંત્રી બનાવી શકાય.હાર્દિકે પણ અમરેલી જિલ્લાની સભાઓમાં ‘‘હવે જિલ્લો કૃષિમંત્રીઓને બદલે મુખ્યમંત્રી આપે’’, એવું કહીને ધાનાણી ભણી ઈશારો કર્યો છે. ધાનાણી ઉપરાંત પણ શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયાનાં નામ પર મુખ્યમંત્રીપદ માટે છે. જોકે આ બધાની વચ્ચે ૧૮મી ડિસેમ્બરે ઈવીએમ મશીન કયા પક્ષને સ્પષ્ટ બહુમતી અપાવે છે એના પર ગુજરાતની જ નહીં, દિલ્હીની ગાદી પણ ટકશે કે જશે, એનો મદાર છે. એટલે જ ગુજરાતની વિધાનસભાની આ વખતની ચૂંટણી ભારતની ભાગ્યવિધાતા છે.

haridesai@gmail.com